**ફોજદારી પરચુરણ અરજી નં.૩૧૯/૨૦૨૪**

**આંક–૧ લગત હુકમ**

**(૧)** હાલની અરજી આ કામે ફરિયાદી દ્વારા આ કામના આરોપી વિરૂદ્ધ ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ ૧૩૮ મુજબની ફરિયાદ દાખલ કરવામાં થયેલ ૧૬(સોળ) દિવસની ઢીલ માફ કરવા માટે થઇને કરવામાં આવેલ છે. ફરિયાદીની હાલની અરજીની વિગતો નીચે મુજબ છે.

> ‘(૧) અમો ફરીયાદી દવારા આ કામના આરોપી સામે હાલની ફરીયાદ દાખલ કરેલ છે, અને સદરહુ ફરીયાદના કામે દિન–૧૬ ની ઢીલ થયેલ છે. સદરહુ ઢીલ આ કામના આરોપીએ અમો ફરીયાદીને આપેલ ચેક અમો ફરીયાદીએ તા. ૨૯–૦૧–૨૦૨૪ ના રોજ જમા કરાવતા સદરહુ ચેક તેજ દિવસે તા. ૩૦–૦૧–૨૦૨૪ ના રોજ પરત ફરેલ અને સદરહુ ચેક પરત ફરતા અમો ફરીયાદીએ અમારા વકીલ શ્રી મારફતે તા. ૦૭–૦૨–૨૦૨૪ ના રોજ આરોપીને નોટીશ કરેલ જે નોટીશ આરોપીને તા. ૦૯–૦૨–૨૦૨૪ ના રોજ પોસ્ટ ડીપાર્ટમેન્ટના ઓનલાઈન ટ્રેક રીપોર્ટ મુજબ બજી ગયેલ છે, જે નોટીશ બજી ગયાના ૧૫–દિવસનો નોટીશ પીરીયડ તા. ૨૩–૦૨–૨૦૨૪ ના રોજ પુર્ણ થયેલ છે. જેનો કોઝ ઓફ એકસન તા. ૨૪–૦૨–૨૦૨૪ થી શરૂ થયેલ. જે બાદ તા. ૨૪–૦૩–૨૦૨૪ સુધીમાં ફરીયાદ ફાઈલ કરવી જરૂરી છે, પરંતુ **આ કામના ફરીયાદી પેઢીના ભાગીદારો બહાર ગામ હોય, તેમજ હોળી તથા ધુળેટીના તહેવાર નિમીતે રજા હોય, જેથી ફરીયાદ દાખલ કરવામાં દિવસ–૧૬ ની ઢીલ થયેલ છે.**

(૨) ઉપરોકત રીતે અમો ફરીયાદી નિયત સમય મર્યાદામાં ફરીયાદ દાખલ કરી શકેલ ન હોય, વળી તહેવાર નીમીતે જાહેર રજા હોય જેથી સદરહુ ફરીયાદ દાખલ કરવામાં દિવસ–૧૬ ની ઢીલ રહી જવા પામેલ છે અને તેથી સદરહુ ફરીયાદ સમયસર દાખલ થઈ શકેલ ન હોય, જે સંજોગોને ધ્યાને લઈ ફરિયાદ દાખલ કરવા અંગે થયેલ ઢીલ માફ કરવા હુકમ કરવા નમ્ર અરજ છે.'

**(૨)** અરજદારની અરજીની હકીકત વંચાણે લેતાં અરજદાર તરફે આ કામે ફરીયાદ રજુ કરવામાં દિન–૧૬ નો વિલંબ થયેલ હોવાની હકીકતનો સ્વીકાર કરવામાં આવેલ છે. અરજદાર તરફે વિલંબ માટેનું જે કારણ દર્શાવવામાં આવેલ છે તે ધ્યાને લેતા આ કામના ફરીયાદી પેઢીના ભાગીદારો બહારગામ હોય તેમજ હોળી તથા ધુળેટીના તહેવાર નિમીતે રજા હોય ફરીયાદ દાખલ કરવામાં દિન–૧૬ નો વિલંબ થયેલ હોવાનું કારણ જણાવેલ છે. ફરીયાદીની ઉપરોકત કથન તથા ફરીયાદ ધ્યાને લેતાં ફરીયાદી ભાગીદારી પેઢીના કુલ ૩ ભાગીદારો હોવાનું જણાય છે તેમજ આ કામે રજુ થયેલ ફરીયાદવાળો ચેક ફરીયાદી પેઢી એટલે કે સમીર એન્ટરપ્ર ાઈઝના નામે ઈશ્યુ થયેલ હોય ફરીયાદી પેઢીના ત્રણ પૈકી કોઈ પણ એક ભાગીદાર આ કામની ફરીયાદ દાખલ કરવા માટે સક્ષમ હોવાનુ જણાય છે એટલું જ નહી હોળી ધુળેટીના તહેવાર નિમિતે કોર્ટની કાર્યવાહી દિન–૧૬ જેટલા લાંબા સમય સુધી બંધ રહેતી ન હોય ફરીયાદી પેઢીના ભાગીદારો બહારગામ હોવાનું તથા હોળી ધુળેટીના તહેવાર નિમિતે રજા હોવાનુ કારણ દિન–૧૬ જેટલો લાંબો વિલંબ માફ કરવા માટે યોગ્ય તેમજ વ્યાજબી જણાતું નથી.

આમ ઉપરોકત હકીકતોને ધ્યાને લેતાં આ કામે ફરીયાદ રજુ કરવા માટે થયેલ વિલંબ સંબંધે અરજદાર તરફે કોઈ યોગ્ય તથા વ્યાજબી કારણ જણાવવામાં આવેલ ન હોય અરજદારની હાલની અરજી મંજુર થવા પાત્ર ન હોવાથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

હાલની અરજીના અરજદાર તરફે આ કામની ફરીયાદ દાખલ કરવા માટે થયેલ વિલંબ દરગુજર કરવા માટેની અરજી નામંજુર કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૧૩મી માહે માર્ચ ૨૦૨૬ ના રોજ જાહેર કર્યો.

તા.૧૩/૦૩/૨૦૨૬
સ્થળ : પોરબંદર.

(કે.આર.રાઠોડ)
ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
પોરબંદર.
(કોડ નં.જી.જે.૦૧૧૨૯)